# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2025** **Midday : 2.35 TO 2.40**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH-IFFCO

ઇફકોના રિસર્ચ અને ડેવલપેમેન્ટના કારણે આજે નૈનો યુરિયા અને નેનો ડીએપીએ વિશ્વમાં ભારતની શાખ વધારી છે તેમ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું હતું. ગાંધીનગરના કલોલ ખાતે ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભમાં સંબોધન કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇફકોની પચાસ વર્ષની સુદીર્ઘ યાત્રાને વર્ણવતા કહ્યું હતું કે ઇફકોએ લેબોરેટરીમાં થતાં આધુનિક પરિક્ષણોને લેન્ડ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ઇફકોના બીજ અનુસંધાન એકમનું પણ અમિત શાહે ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરતાં કહ્યું હતુંકે જ્યારે ઇફકોની શતાબ્દિ મનાવાશે ત્યારે પણ ઇફકોનો વિશ્વના સહકારી ક્ષેત્રમાં ડંકો વાગતો હશે.

. . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજકોટમાં 21 કિલોમીટર લાંબી 'સાઈક્લો ફન-૨૦૨૫'માં ભાગ લીધો હતો. તેઓએ વિવેકાનંદ સોસાયટી પાસે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજ ફરકાવ્યો હતો.

શ્રી માંડવિયા ગોંડલમાં સરસ્વતી શીશુમંદિરના નવા બિલ્ડીંગનું ખાતમુહુર્ત કરશે. જેતપુરમાં રામજીમંદિર ખાતે રામનવમી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. પોરબંદર ખાતે ડિસ્ટ્રીકટ રૂરલ ક્રિકેટ એસોસિએશન દ્વારા તૈયાર કરવામાં આવેલ ક્રિકેટ પ્રેક્ટિસ સંકુલનું ઉદ્દઘાટન કરશે. તેઓ સાંજે વિશ્વવિખ્યાત માધવપુર મેળાના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . .

# RAM NAVMI – DISTRICT

રાજ્યભરમાં આજે રામનવમીના પાવન પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. રાજ્યના વિવિધ રામ મંદિરોમાં મહાઆરતી અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળે ભવ્ય શોભાયાત્રા નીકળી છે. મોટાભાગના રામ મંદિરોમાં રામધૂન અને હનુમાન ચાલીસાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહેસાણામાં આજે રામનવમી પ્રસંગે બે રથયાત્રા નીકળી છે. આ રથયાત્રા શહેરમાં વિવિધ માર્ગો ઉપર ભ્રમણ કરશે. જોટાણામાં પણ રામમંદિરથી રથયાત્રા નીકળશે. જ્યારે વિસનગર ખાતેથી શોભાયાત્રા નીકળશે.

પાટણમાં રામજી મંદિરેથી ભગવાન શ્રીરામના વસ્ત્રો અને પાદુકાની શોભાયાત્રાને પ્રસ્થાન કરાવાયુ છે. રાજકોટ શહેરમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ અને રાધેશ્યામ ગૌશાળા દ્વારા શોભાયાત્રાનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . . .

# KUTCH DEENDAYAL PORT

કચ્છ જિલ્લામાં આવેલા દીનદયાલ પોર્ટે ગયા વર્ષની તુલનામાં ઓછા સમયગાળામાં 150 મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગો હેન્ડલિંગ કરીને દેશમાં ફરી એકવાર પ્રથમ ક્રમે રહ્યું છે. આ અંગે પંડિત દીનદયાળ પોર્ટ ઓથોરીટીના ચેરમેન સુશીલકુમાર સિંઘે જણાવ્યું કે, આગામી નાણાકીય વર્ષમાં 170 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક રખાયો છે. જેને હાંસલ કરવા માટે ખાસ તો જહાજોનો પ્રતિક્ષા સમય ઓછો થાય તેના ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આગામી સમયમાં વિવિધ ભાવિ પ્રકલ્પોના કરાણે પોર્ટની ક્ષમતા પણ અનેક ઘણી વધશે.

. . . . . . . . . . . . . .

# KANU DESAI- DGVCL LOKARPAN

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈના હસ્તે વલસાડના ઉમરગામ ખાતે ૨ કરોડ ૪૫ લાખના ખર્ચે નવનિર્મિત દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની ઉમરગામ અને સોળાસુંબા પેટા વિભાગીય કચેરીના મકાનનું લોકાર્પણ કરાયું . આનાથી ઉમરગામના લોકોને વધુ સારી વીજ સુવિધાઓ પ્રાપ્ત થશે . આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે પહેલાંના સમયની તુલનાએ આજે ખેતીવાડી ક્નેક્શન ૩ થી ૪ મહિનામાં જ મળી રહે છે.તેમણે કહ્યું કે દક્ષિણ ગુજરાત વીજ કંપનીને ૩ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરાઇ છે.

. . . . . . . . . . . . . .

# ARAVALLI ST BUS

અરવલ્લી જિલ્લાના મોડાસાથી રણુજાની નવીન બસ સેવાનો પ્રારંભ થયો છે. રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારે એસટી બસને લીલીઝંડી આપતા કહ્યું ગુજરાતમાંથી સીધા રણુજા જતી રાજ્યની આ પ્રથમ એસટી બસ સેવા છે.

. . . . . . . . . . . . . .

# PUBLIC ACCOUNT COMMITTEE- JITU VAGHANI

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના પ્રમુખપદે સતત ત્રીજા વર્ષે જીતુ વાઘાણીની વરણી કરાઇ છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભાની તમામ નાણાકીય તથા બિન-નાણાકીય સમિતિઓની મુદ્દત સાતમા સત્ર સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. શ્રી વાઘાણીના નેતૃત્વ હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ તાજેતરમાં પૂર્ણ થયેલા બજેટ સત્રમાં બે અહેવાલો વિધાનસભા ગૃહમાં રજૂ કર્યા હતા. સમિતિએ અત્યાર સુધીમાં અંદાજે  ત્રણ લાખ 50 હજાર કરોડની નાણાકીય બજેટ જોગવાઈની તપાસ પૂર્ણ કરી છે.

. . . . . . . . . . . . . .

# Dandi Yatra

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ નવસારી જિલ્લાના દાંડી ખાતે પદયાત્રામાં ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે આજનાં દિવસે મહાત્મા ગાંધીએ દાંડી ખાતે મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો. આ ઐતિહાસિક દિવસના અનુસંધાને શ્રી પાટીલ સાંજે દાંડીથી શરૂ થનારી પદયાત્રામાં હાજર રહેશે.

. . . . . . . . . . . . . .

# CID SYBER CRIME- MOBILE

રાજ્ય સાયબર ક્રાઇમ શાખાએ ચોરી કરાયેલા 106 મોબાઈલ ફોન રાજસ્થાનમાંથી કબ્જે કર્યા છે. પોલીસે ઓપરેટ થઈ રહેલા મોબાઈલ ફોનનો ડેટા મંગાવી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં CID ક્રાઇમ શાખાએ રાજસ્થાનના અલગ અલગ જિલ્લામાંથી આ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત 43 મોબાઈલ ધારકોને મોબાઈલ પરત કરાયા છે. બાકીના તમામ મોબાઈલ જે તે જિલ્લાના લોકોને મોકલી અપાશે

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................